





મુખત્યારો, લોકશાહીનું નાટક રચાવે છે
સેનાના દોરીસંચારે જ કાયમ નચાવે છે,
મચાવે આતંક ભાડુતી નેતાથી, રાખે દાબ -
ભુટ્ટો હોય કે શરીફ, સૌ જાતને બચાવે છે...




પૂજ્ય વડીલો!
જે થાય, જોયા કરો!
'ચાલ' દર્શક..
(અડવાણી વગેરે માર્ગદર્શક)

ગોઠવાય છે,
મ્હોરાં વિશ્વાસપાત્ર -
સત્તા નાં 'કેન્દ્રે'
(સંસદીય બોર્ડ)

## ચિંતન

**પાદયાનાં ભયં વાતપદ્માનાં શિશિરાદ્ ભયમ્ । પર્વતાનાં ભયં વજાત્સાધૂનાં દુર્જનાદ્ ભયમ્ ॥**

'વૃક્ષોને પવન-વાવાઝોડાંનો સદાય ભય રહે છે, સરોવરમાં ખીલેલાં કમળોને ઠંડી-હિમ પડવાનો-શિયાળાનો સદા ભય રહે છે. પર્વતોને વજઘાત-વીજળી પરવાનો ભય છે (પર્વત પર વીજળી પડવાથી ઊંચા પર્વતમાં ખાઇ જેવી ફાટ પડી જાય છે અને સજ્જન માણસોને સદાય દુર્જન-દુષ્ટ લોકોનો ભય હોય છે.'

સંત-સજ્જન લોકો કદી કોઇના માટે ખરાબ વિચાર કરતા નથી. એમની ઇશ્વરને પ્રાર્થના પણ 'સર્વજન સમુદાય સુખી થાવ' - 'સૌને આરોગ્ય પ્રાપ્ત થાય' એ પ્રકારની જ હોય છે. આમ છતાં ભીરૂ સ્વભાવના સંતજનોને સદાય દુષ્ટ-દુર્જન લોકોનો ભય સતાવે છે એ પોતાના જીવન કે સુખ-દુખમાં આપત્તિરૂપ બને એટલા માટે નહીં પણ આ ધરતી પર નિર્દોષ-સરળ અને નિર્બળ-પ્રાણીઓને આ દુષ્ટો સતામણી ન કરે એવા ભયથી સંતો ડરે છે.

બધાનું કલ્યાણ ઇચ્છનારા સંતો-સજ્જન લોકો દુષ્ટ માનવ-સ્વભાવથી ડરે છે.

## સુવિચાર

- સંતાનો પાસેથી માલદાર માબાપો મથામણ નામની યુનિવર્સિટી છીનવી લે છે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સેક્રેટરીની કલમમાંથી સતત અસત્યો એટલે પ્રધાનનાં આશ્વાસનો **- ગુણવંત શાહ**
- જે મળવા આવે ત્યારે હરખનું ગાડું લેતું આવે અને જાય ત્યારે ઝીણા દર્દનું પોટલું મુકતું જાય તેને પ્રિયજન કહેવાય **- બંગાળી કહેવત**
- સમજણ વગરની સ્માર્ટનેશ કોમ્પ્રેસર વગરના એરકન્ડીશનર જેવી છે **- અઝીમ પ્રેમજી**
- સન્યાસીના ખાનગી સંસાર કરતાં સંસારીનો ખાનગી સન્યાસ વધારે મૂલ્યવાન છે **- ઓશો**
- ખેતર એક એવી જગ્યા છે જયાં ઇશ્વર અને માણસ ખબર પણ ન પડે તેમ સાથે રહીને પોતપોતાના કામ કરતાં હોય છે **- રમણ મહર્ષિ**
- એકાંતનું મંદિર હોય, મૌનનો ઘુમ્મટ હોય ત્યાં આનંદની ધજા સદા ફરકતી રહે છે **- શ્રી અરવિંદ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જાણીતા સૂફી સંત, પીરાને પીર, (એટલે સંત શિરોમણિ) હઝરત અબ્દુલ કાદિર જીલાનીનો જન્મ હિજરા-૪૭૦માં ઇરાનના જિલાન ગામમાં થયો હતો. એમનો 'ગા'સે આઝમ' તરીકે પણ ઓળખવામાં આવે છે. એમનો જીવન સંદેશ હતો કે 'દરેક ક્ષણ ખૂદાથી ડરતા રહો, હૃદયમાં છળકપટ-લુચ્ચાઇ ન રાખો અને સત્ય પથ પર ચાલો.'

અબ્દુલ કાદિર જયારે યુવાન વયે પહોંચ્યા ત્યારે તેમને ધર્મજ્ઞાનની જિજ્ઞાસા જાગી અને માના આશીર્વાદ લેવા ગયા અને કહ્યું હું ધર્મજ્ઞાન માટે બગદાદ જવા ઇચ્છું છું મને આશીર્વાદ આપો.

માએ ચાલીસ દિનાર, સીવેલી ગોદડી આપી આશીર્વાદ આપતાં કહ્યું, સદાય સત્ય બોલજે અને સત્યનો સાથ ન છોડજે.

રસ્તામાં લૂટારા ત્રાટક્યા, અન્ય વેપારીઓ જુઠું બોલી બચી ગયા પણ અબ્દુલે સાચું બોલી ચાલીસ દિનારવાળી ગોદડી આપી દીધી.

લૂટારાનો સરદાર તેના વાણી વહેવાર અને 'સત્ય'થી ખૂશ થયો અને ચાલીસ દિનાર પાછા આપી દીધા.

એમની કબર તો 'બગદાદ'માં છે પણ તેમના વંશવારસની એક કબર અમદાવાદ-જમાલપુરમાં છે.

Email - sureshchandrabhatt18@gmail.com

## ગણેશને એકવાર ભારે ઉદરદાહ થયો, તેઓ ખૂબ અકળાયા. ત્યારે દરેક મુનિઓએ એકવીસ દૂર્વાઓ એમનાં મસ્તકે મૂકી, તો એમને ખરેખર ઠંડક થઇ ગઇ, પ્રસન્ન થઇને તેણે દૂર્વાને કહ્યું, "તારું સ્થાન મારાં મસ્તકે અને ચરણે રહેશે. જો કોઇ મારી પૂજા તારા વગર કરશે, તો ફળશે નહિ"

# ॥ અથ શ્રી ગણેશ ગૌરવમ્ ॥
## પ્રસંગસર : ગણેશ ચતુર્થી

**- રશ્મિકાન્ત મહેતા**

નભસ્ય-માસિ શુકલાયાં ચતુર્થ્યાં મમ જન્મનિ । દૂર્વાભિર્નામભિઃ પૂજાં તર્પણં વિધિવચ્ચરેત્॥

(ભાદરવા સુદ ચોથે મારો જન્મ થયો છે. તે દિવસે મારાં નામો ઉચ્ચારીને દૂર્વાથી વિધિપૂર્વક મારી પૂજા કરવી અને તર્પણ કરવું)

શ્રી ગણેશપુરાણના ઉપાસના ખંડમાં ગણપતિનાં એક હજાર નામોનું સ્તોત્ર છે. આ સ્તોત્ર મહાગણપતિએ ઉચ્ચારેલું છે. સ્તોત્રને અંતે ઉપર્યુક્ત શ્લોક છે. ભાદરવા સુદ ચોથે મધ્યાહ્ન સમયે એમનો જન્મ થયો છે. આ દિવસે એમના આ નામોનાં ઉચ્ચારણ સાથે દૂર્વા-ધરો-દ્વારા પૂજા કરવાની છે. આરોગ્યલક્ષી વનસ્પતિઓને ધાર્મિક વ્રતો સાથે સાંકળી લેવાની ભારતમાં પરંપરા છે : જેમ કે બિલ્વપત્ર, તુલસી, દૂર્વા પિત્તશામક છે. ગણેશને એકવાર ભારે ઉદરદાહ થયો, તેઓ ખૂબ અકળાયા. ત્યારે દરેક મુનિઓએ એકવીસ દૂર્વાઓ એમનાં મસ્તકે મૂકી, તો એમને ખરેખર ઠંડક થઇ ગઇ. પ્રસન્ન થઇને તેણે દૂર્વાને કહ્યું, "તારું સ્થાન મારાં મસ્તકે અને ચરણે રહેશે. જો કોઇ મારી પૂજા તારા વગર કરશે, તો ફળશે નહિ." દૂર્વા પુરૂષ માટે સહસ્ત્રવીર્યા છે. સ્ત્રી માટે રજઃપ્રવર્તક છે અને ગર્ભાશયના દોષોને હરનારી છે. સ્ત્રી માટે 'સુભર્ગા' છે. તેને સૌભાગ્ય અને માંગલ્ય આપનારી છે. તે 'મહૌષધિ' છે. તેમાં તમામ પ્રકારના પ્રજીવકો - વિટામીન્સ રહેલા છે.



ચંદ્રને એકવાર પોતાના સૌંદર્ય માટે અભિમાન થયું, ગણેશ એકવાર તેને મળવા આવ્યાં. તો ચંદ્રે પોતાનાં ઘમંડને કારણે, એના અસાધારણ દેહને જોઇને એની મશ્કરી કરી. વારંવારના ઉપહાસને સહી લીધો. છતાં પણ ચંદ્ર અટક્યો નહી, ત્યારે ગણેશે તેને શાપ આપ્યો. "આજથી કોઇ તારું મુખ જોશે નહિ, અને જોશે તો સંકટમાં આવી પડશે." હવે ચંદ્રને પસ્તાવો થયો. રાત અજવાળી થવાની ન હતી. ભગવાન શંકરે શાપનિવારણ જણાવ્યું કે "ભાદરવા સુદ ચોથે ચંદ્ર ગણેશપૂજન કરે" ચંદ્રે ભાવપૂર્વક ગણેશપૂજા કરી. દેવ પ્રશન્ન થયા, શાપનું નિવારણ થયું. પરંતુ ત્યારથી એટલું થયું "કોઇ ચોથનો ચંદ્ર ન જુએ."

પુરાણ સાહિત્યમાં વિશેષપણે બે પુરાણો ગણપતિપુરાણો છે :

(૧) ગણેશ પુરાણ (૨) મુદ્ગલ પુરાણ

મુદ્ગલ પુરાણમાં ૯ ખંડ, ૨૮ અધ્યાય અને ૨૩૧૫૦ શ્લોક છે. આમાં જો કાંઇ છે, તે ગણેશને લગતું છે : એના અવતારો, એમનાં વ્રતો, વિશેષ તિથિઓ, તીર્થક્ષેત્રો, દૂર્વાનું મહત્ત્વ વગેરે. આ પુરાણમાં ત્રણ ગીતાઓ છે : ગણેશ ગીતા, દત્ત ગીતા અને શુક ગીતા.

આ પુરાણનો રચના સમય છે ૮૦૧ થી ૧૦૦૦ નો છે. આ પુરાણના પ્રવક્તા ઋષિ મુદ્ગલ અને શ્રોતા પ્રજાપતિ દક્ષ છે. મુદ્ગલ મંત્રદેષ્ટા હતા. ઋગ્વેદનું ૧૦-૧૦૨ સૂક્ત એમનું છે. મુદ્ગલ તપસ્વી હતા, "સ્વર્ગ તો ભોગભૂમિ" છે, એવું કહીને એમણે સ્વર્ગ પ્રવેશને નકારી દીધો હતો. વનમાંથી એમની ગાયોને ચોરો ઉઠાવી ગયા; ત્યારે ઈન્દ્રને આહ્વાન કરીને આ ગાયો પાછી મેળવી હતી.

આ મુદ્ગલ પુરાણના યમદૂત સંવાદમાં એક સ્તોત્ર છે; તેમાં ગણેશનાં ૧૦૮ નામો છે :

| | | | |
|---|---|---|---|
| (૧) | ગણેશ | (૨) | હેરમ્બ - જેની માતા પાર્વતી છે |
| (૩) | ગજાનન | (૪) | મહોદર |
| (૫) | સ્વાનુભવપ્રકાશી | (૬) | વરિષ્ઠ |
| (૪) | સિદ્ધિપ્રિય | (૮) | બુદ્ધિનાથ |
| (૯) | અનેકવિઘ્નાન્તક | (૧૦) | વક્રતુંડ - વિશિષ્ટ મસ્તકવાળા |
| (૧૧) | સ્વસંજ્ઞવાસી | (૧૨) | ચતુર્ભુજ |
| (૧૩) | કવીશ | (૧૪) | દેવાન્તકનાશકારી |
| (૧૫) | મહેશપુત્ર | (૧૬) | ગજદૈત્યશત્રુ |
| (૧૭) | વરેણ્ય પુત્ર | (૧૮) | વિકટ |
| (૧૯) | ત્રિનેશ | (૨૦) | પરેશ |
| (૨૧) | પૃથ્વીધર | (૨૨) | એકદન્ત |
| (૨૩) | પ્રમોદ | (૨૪) | મોદ |
| (૨૫) | નરાન્તકકારી | (૨૬) | ષડ્દોષહન્તા |
| (૨૭) | ગજકર્ણ | (૨૮) | ઢુંઢિ - સૂત્રને ધારણ કરનારા |
| (૨૯) | દ્વન્દ્વોથી ઉપર રહેલા | (૩૦) | સ્થિર ભાવકારી |
| (૩૧) | વિનાયક | (૩૨) | જ્ઞાનવિઘાત શત્રુ-જ્ઞાનપ્રાપ્તિમાં સહાયક |
| (૩૩) | પરાશરપુત્ર | (૩૪) | વિષ્ણુપુત્ર |
| (૩૫) | અનાદિપૂજ | (૩૬) | આખુગ - મૂષકના વાહનવાળા |
| (૩૭) | સર્વપૂજ્ય | (૩૮) | વિદ્યાદ્વારા પૂજાતા |
| (૩૯) | લંબોદર | (૪૦) | ધૂમ્રવર્ણ |
| (૪૧) | મયૂરપાલ | (૪૨) | મયૂરવાહી |
| (૪૩) | દેવદાનવદ્વારા પૂજાતા | (૪૪) | શ્રેષ્ઠ |
| (૪૫) | મૂષક ધ્વજ | (૪૬) | શૂર્પકર્ણ |
| (૪૭) | શિવાજ-પાર્વતી પુત્ર | (૪૮) | સિંહસ્થ |
| (૪૯) | અનંતવાહી | (૫૦) | દિતિપુત્ર |
| (૫૧) | વિઘ્નેશ્વર | (૫૨) | શેષનાભિ |
| (૫૩) | અણુથી પણ અણુ | (૫૪) | મહાનથી પણ મહાન |
| (૫૫) | રવિપુત્ર | (૫૬) | યોગેશપુત્ર |
| (૫૭) | શ્રેષ્ઠરાજા | (૫૮) | નિધીશ |
| (૫૯) | મન્ત્ર દ્વારા મળતા | (૬૦) | શેષપુત્ર |
| (૬૧) | વરદ | (૬૨) | અદિતિપુત્ર |
| (૬૩) | પરથી પણ પર | (૬૪) | જ્ઞાનદ |
| (૬૫) | ઉજ્જવળ મુખવાળા | (૬૬) | ગુહાગ્રજ - કાર્તિકેયથી નાના |
| (૬૭) | બ્રહ્મનાં પાર્શ્વપુત્ર | (૬૮) | સિંધુશત્રુ |
| (૬૯) | પરશુ સાથે રાખનારા | (૭૦) | શમીશ |
| (૭૧) | પુષ્પપ્રિય | (૭૨) | વિઘ્નહારી |
| (૭૩) | દૂર્વાપૂજિત | (૭૪) | દેવદેત |
| (૭૫) | બુદ્ધિ આપનારા | (૭૬) | શમીપ્રિય |
| (૭૭) | શુસિદ્ધિદાતા | (૭૮) | સુશાન્તિ દાતા |
| (૭૯) | અમાપ માયા વાળા | (૮૦) | અમિત વિક્રમ |
| (૮૧) | બીજ અને ચોથને ચાહનારા | (૮૨) | કશ્યપપ્રિય |
| (૮૩) | ધનદ | (૮૪) | જ્ઞાનપદને પ્રકાશ દેનારા |
| (૮૫) | ચિન્તામણિ | (૮૬) | ચિત્તવિહારી |
| (૮૭) | યમશત્રઉ | (૮૮) | અભિમાનશત્રુ |
| (૮૯) | વિધિ છોડનારા | (૯૦) | કપિલપુત્ર |
| (૯૧) | વિદેહી | (૯૨) | સદા આનંદી |
| (૯૩) | યોગી | (૯૪) | ગણશત્રુ |
| (૯૫) | કપિલ વિજેતા | (૯૬) | સમ સ્તભાવજ્ઞ |
| (૯૭) | ભાલચંદ્ર | (૯૮) | આદિ-મધ્ય-અનંત વગરનાં |
| (૯૯) | પ્રચારક | (૧૦૦) | વિભુ |
| (૧૦૧) | જગદ્ગુરુ | (૧૦૨) | ગણેશ |
| (૧૦૩) | પૃથ્વીધારી | (૧૦૪) | પોષણસ્વામી |
| (૧૦૫) | મૂષકવાહક | (૧૦૬) | જ્ઞાનસ્વરૂપ |
| (૧૦૭) | કર્તા | (૧૦૮) | પાલક |

આજના દિવસે વિનાયકનું પુષ્પસ્મરણ સૌને માટે મંગલમય હજો.

સંદર્ભ : (૧) બૃહત્ સ્તોત્ર રત્નાકર - શ્રી શિવદત્ત મિશ્ર
(૨) શ્રી ગણેશ - અરવિંદ નર્મદાશંકર શાસ્ત્રી
(૩) સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિ - બાપાલાલ ગ. વૈદ્ય
(૪) વ્રતકથાઓ - મૃણાલ
(૫) મુદ્ગલ પુરાણમાં દર્શન - ડૉ. મૃદુલા જાની

# નીચેનામાંથી કયા પદાર્થની કિંમત ઘટવાથી પણ તેની માંગમાં વધારો નહીં થાય?

## ભારતની અર્થવ્યવસ્થા

(૧) ભારતીય અર્થતંત્ર કેવા પ્રકારનું છે?
(અ) મૂડીવાદી (બ) સામ્યવાદી
(ક) સમાજવાદી (ડ) મિશ્ર પ્રકારનું

(૨) ભારતીય અર્થથંત્રમાં કયું ક્ષેત્ર વધુ ફાળો આપે છે?
(અ) ખેતી (બ) સેવાઓ
(ક) ઉદ્યોગો (ડ) સામાજિક ક્ષેત્ર

(૩) રાષ્ટ્રીય આવકને શેનાથી માપવામાં આવે છે?
(અ) ઉત્પાદન પ્રણાલીથી (બ) આવક પ્રણાલીથી
(ક) ખર્ચ પ્રણાલીથી (ડ) ઉપરોક્ત બધી પ્રણાલીથી

(૪) 'રિઝર્વ બેંક' નીચેનામાંથી શું નથી?
(અ) સરકારની બેંક (બ) મધ્યસ્થ બેંક
(ક) બેંકોની બેંક (ડ) જનસામાન્યની બેંક

(૫) ભારતમાં રાષ્ટ્રીય આવકનું આકંલન કોણ કરે છે?
(અ) નાણાં વિભાગ (બ) સી.આઇ.આઇ
(ક) સી.એસ.ઓ (ડ) એસ.ઇ.બી.આઇ

(૬) નીચેનામાંથી પહેલી પંચવર્ષીય યોજનામાં વધુ મહત્ત્વ કોને આપવામાં આવ્યું હતું?
(અ) આવક વૃદ્ધિ (બ) શહેરીકરણ
(ક) ખેતી (ડ) ગરીબી

(૭) નીચેમાંથી કઈ નીતિ સરકાર નક્કી નથી કરતી?
(અ) ઉદ્યોગનીતિ (બ) નાણાંકીય નીતિ
(ક) બંદરોની નીતિ (ડ) આયાત-નિકાસ નીતિ

(૮) 'ક્લિયરીંગ હાઉસ' કઇ બેંક ચલાવી શકે?
(અ) રિઝર્વ બેંક (બ) સ્ટેટ બેંક
(ક) વિદેશી બેંક (ડ) ઉપરની ત્રણેય

(૯) નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સીલના અધ્યક્ષ તરીકે કોણ જવાબદારી સંભાળે છે?
(અ) ભારતના રાષ્ટ્રપતિ (બ) ભારતના વડાપ્રધાન
(ક) ભારતના ઉપરાષ્ટ્રપતિ (ડ) લોકસભાના અધ્યક્ષ

(૧૦) શહેરીકરણ સૌથી વધુ કયા રાજયમાં છે?
(અ) મહારાષ્ટ્ર (બ) ગુજરાત
(ક) બિહાર (ડ) ઉત્તરપ્રદેશ

(૧૧) પંચવર્ષીય યોજનાને છેલ્લે કોણ મંજૂર કરે છે?
(અ) લોકસભા (બ) નેશનલ ડેવલોપમેન્ટ કાઉન્સિલ
(ક) રાષ્ટ્રપતિ (ડ) કેન્દ્રીય મંત્રીમંડળ

(૧૨) નીચેનામાંથી કયા પદાર્થની કિંમત ઘટવાથી પણ તેની માંગમાં વધારો નહીં થાય?
(અ) ટેલીવિઝન (બ) મીઠું
(ક) માંસ (ડ) અનાજ

(૧૩) બંધારણની કલમ-૨૮૦ કોના માટે છે?
(અ) આયોજનપંચ (બ) નાણાંપંચ
(ક) ચૂંટણીપંચ (ડ) જળ ટ્રિબ્યુનલ

(૧૪) સ્વતંત્ર ભારતમાં પ્રથમ સામાન્ય બજેટ - ૨૬ નવેમ્બર ૧૯૪૭માં કોણે રજૂ કર્યું?
(અ) જવાહરલાલ નહેરૂ (બ) આર.કે. સન્મુખ
(ક) ટી.ટી. કૃષ્ણામાચારી (ડ) વાય.બી. ચૌહાણ

(૧૫) સરકારી કર્મચારીઓને ચૂકવાતો પગાર બજેટમાં કયા ખર્ચ તરીકે ઉઘરાવામાં આવે છે?
(અ) આયોજન ખર્ચ (બ) ચાલુ ખર્ચ
(ક) મૂડી ખર્ચ (ડ) ઉપરનામાંથી એક પણ નહીં

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૯ ઓગ.૧૯૧૫ નાથન પ્રિતિકિન - અમેરીકન વૈજ્ઞાનિક તથા ન્યુટ્રીશન વિષે વિશેષ સંશોધન કર્તા
- ૨૯ ઓગ. ૧૯૦૪ વર્નર ફોર્સમાન - જર્મન સર્જન. ૧૯૫૬માં 'કાર્ડીયાદ કેથેટીરીજેશન' વિકસાવવા બદલ નોબલ પારિતોષિક મેળવનાર.
- ૩૦ ઓગ. ૧૯૩૫ સિલ્વિયા અર્લે - અમેરીકન દરિયાઇ સંશોધક મહિલા વૈજ્ઞાનિક.
- ૩૦ ઓગ. ૧૯૧૯ મૌરીસ આર. હિલમેન - અમેરિકન માઇક્રોબાયલોજીસ્ટ વૈજ્ઞાનિક, રોગપ્રતિકારક રસી-બનાવનાર
- ૩૧ ઓગ. ૧૯૧૬ રોબર્ટ હનબરી બ્રાઉન - ઇંગ્લીશ ખગોળ વૈજ્ઞાનિક, રડારના વિકાસમાં પ્રથમ ફાળો આપનાર
- ૩૧ ઓગ. ૧૯૧૩ સર બર્નાડ લોવેલ - ઇંગ્લીશ રેડિયો એસ્ટ્રોનોમર તથા ભૌતિક વૈજ્ઞાનિક.
- ૧ સપ્ટે. ૧૯૦૬ કાર્લ ઓગસ્ટ ફોલકર્સ - અમેરીકન રસાયણ વૈજ્ઞાનિક, 'વિટામીન બી-૧૨ આઇસોલેશન' પર સંશોધન કરનાર.
- ૧ સપ્ટે. ૧૯૦૨ ડીર્ક બ્રોવર- ડચ-અમેરીકન એસ્ટ્રોનોમર અને ભૂવૈજ્ઞાનિક
- ૨ સપ્ટે. ૧૯૪૮ ક્રિસ્ટા કોરીગન મેકઓલીફ - પ્રથમ અમેરીકન મહિલા જે ચેલેન્જર સ્પેશશટલમાં એક પ્રવાસી તરીકે અવકાશમાં ગિ.
- ૨ સપ્ટે. ૧૯૩૮ સી. વિલ્સન માર્કેલ - કેનેડીયન એન્જીનીયર, ફિલ્મ કોલેરીઝેશન પ્રોસેસ' ના શોધક.
- ૩ સપ્ટે. ૧૯૧૪ ડીકસી લી રે - અમેરીકન મરીન બાયોલેજીસ્ટ તથા પર્યાવરણ વિદ.
- ૩ સપ્ટે. ૧૯૦૭ લોરન ઇલેસે - અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ તથા વિજ્ઞાનના લેખક.
- ૪ સપ્ટે. ૧૯૨૭ જહોન મેક્કાર્થી - અમેરીકન કમ્પ્યુટર વૈજ્ઞાનિક, 'આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સી'માં સંશોધન કરનાર પ્રથમ વૈજ્ઞાનિક.
- ૪ સપ્ટે. ૧૯૧૩ સ્ટેનફોર્ડ મૂર : અમેરીકન બાયોકેમીસ્ટ ૧૯૭૨માં તબીબક્ષેત્રનું નોબેલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિક.



## ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - હરિશ રાવત કયા રાજયના મુખ્યમંત્રી છે?**

**જવાબ - ઉત્તરાખંડ**

## સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મહેશ. એમ. જાદવ : સે-૩૦
(૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગુજરાતના કયા સિનિયર નેતાને રાજયપાલ બનાવવામાં આવ્યાં?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

[illegible]

# એક અજબ શ્વાનપ્રેમીની ગજબ કહાની...

માનવીય પ્રકૃતિને સમજવી બહુ મુશ્કેલ છે કયારેક તે એવા પરાક્રમ કરી બેસે છે કે જોનારા દંગ રહી જાય તેની કાબેલિયત પર આફરીન પોકારી જાય. કયારેક સેવાની અલખ જગાવી માનવતાની મહેંક પ્રસરાવી દે, તો કયારેક સાવ સામાન્ય બાબતમાં ખુનામરકી પર ઉતરી આવે. કોઇને વર્લ્ડ રેકોર્ડ કરવાની ધૂન ઉપડે તો કોઇ માનવીના હૃદય સુધી પહોંચી તેનો તાગ મેળવવા કોશિશ કરે. માનવીય સંબંધોની કોઇ ગેરંટી હોતી નથી તેના સંબંધોમાં કયારે બ્રેકઅપ આવે તે કહેવાય નહીં. બે પગવાળા માનવી કરતા ચારપગ વાળા પશુઓના સંબંધોમાં ગેરંટી હોય છે. આત્મિયતાની અને લાગણીની ગેરંટી, પીઠ પાછળ ખંજર ભોંકવાનું તેમના સ્વભાવમાં કયારેક આવતું નથી માટે તો કેટલાકને માનવીય સંબંધો કરતાં મુંગા પશુ, પ્રાણીઓ સાથેનો નાતો વધુ પસંદ આવે છે. કેટલાક પોતાના સગા મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવી ઘરે કૂતરા પાળી તેમની સ્પેશિયલ ટ્રીટમેન્ટ કરાવે છે. ગમે તેવી ઠંડીમાં કૂતરાને ગરમ ધાબળાની જરૂર પડતી નથી, કુદરતી રીતે એનું રક્ષણ થાય છે, છતાં પાળેલા કૂતરાને સ્વેટર પહેરાવનારા શ્વાસ પ્રેમીઓ પણ કયાંક જોવા મળે છે. પાળેલા કૂતરા અને રખડતાં કૂતરામાંય કેળવણીનો ફેરફાર જોવા મળે છે. પાલતુ કૂતરા ઊંચી ઓદાદના, કંઇક અંશે સમજુ અને શિસ્તવાળા હોય છે તેઓ ઘરમાં ગમે ત્યાં પેશાબ કે ઝાડો કરી ગંદકી કરતા નથી. તેની નિશ્ચિત જગ્યાએ તે આવી ક્રિયાઓ કરે છે અને પોતાના માલિક સાથે વફાદારીથી વર્તે છે.

કેટલાક લોકોને રસ્તે રખડતા કૂતરા સાથે પ્રિત કરવાનો શોખ જાગે છે. તેમની સારસંભાળ લેવી, નિયમિત ખોરાક આપવો આ તેમની રોજીંગી ક્રિયા થઇ જાય છે. આવો એકાદ કૂતરો કોઇ પોતાના ઘરમાં રાખે ત્યાં સુધી ઘરનાં સભ્યો વાંધો ન લેપણ ગમે ત્યાં રખડતા કૂતરાને પકડી લાવી ઘરમાં બેસાડી દે અને તેમની સરભરા શરૂ કરી દે ત્યારે સ્વાભાવિક રીતે ઘરનાં સભ્યો તો ઠીક પણ અડોશ-પડોશના લોકો પણ આનો વિરોધ કરે. પણ ગાંધીનગરની સાવ અડોઅડ આવેલા પેથાપુર ગામના આવા એક શ્વાસ પ્રેમીની કહાની કંઇક દિલચશ્પ છે.

## સમાજ ચિંતન

**- પોપટલાલ પ્રજાપતિ**

બાબુલાલ બારોટ તેમનું નામ. ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિ. માં પટાવાળાની નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ તેમણે કૂતરાઓની સેવા કરવાને પોતાનો ધર્મ માન્યો. ૧૯૯૦ની આ વાત છે. તેમણે રસ્તે જતાં એક મજાનું ગલુડિયું રમતું જોયું. વહાલું લાગે તેવું આ ગલુડિયું ઉપાડીને તેઓ ઘરે લાવ્યા પણ થોડી જ વારમાં આ ગલુડિયું માની તલાશમાં રડવા લાગ્યું. બાબુલાલે આજુબાજુ તપાસ કરી પણ કયાંય તેમની માનો પત્તો ન લાગતાં તેમણે ગલુડીયું પોતાના ઘરમાં જ રાખી લીધું. સમય વિતતો ગયો આ ગલુડિયું માદા હતું અને તેણે પણ પોતાનો સંસાર વિકસાવ્યો. તેને બીજા ચાર ગલુડિયા આવ્યા. આ પાંચે ગલુડિયાની પરવરિશ કરવાની જવાબદારી બાબુલાલે સ્વીકારી... અને પછી તો શ્વાસનો વંશવેલો વધતો જ ગયો.

જોતજોતામાં તેમના ઘરે ૧૨ કૂતરાની ફોજ થઇ પણ બધા જ કૂતરાને ઘરમાં રાખી તેમના માટે એક સ્પેશિયલ રૂમ ફાળવી આપ્યો. જેમાં ગાદલા વગરનો પલંગ, ખુરશી, ટેબલ બધું જ વસાવી લીધું. બાબુલાલ પણ આ જ રૂપમમાં કૂતરાઓ સાથે જ સુતા. જાણે કે કૂતરા એ જ એમનો પરીવાર. પણ આ તો બધા દેશી કૂતરા. તેમને ટ્રેનિંગ કોણ આપે? તેઓ આખા ઘરમાં મળમૂત્ર કરી જાય પણ જરાય સુગ રાખ્યા વિના બાબુલાલ તેમની સફાઇ કરી નાખે. એવામાં એકવાર તેઓ સાઇકલ લઇને પેથાપુરથી ગાંધીનગર જતાં વચ્ચે ગાડી સાથે એકસીડન્ટ થયો તેમનું મોં છુંદાઇ ગયું. ચહેરો વિકૃત થઇ ગયો, આંખ કાન, મોં બધું જ વિકૃત બન્યું, બચવાની કોઇ ઉમ્મીદ ન રહી પણ કોણ જાણે ચમત્કાર થયો અને ડૉકટરોની ભારે જહેમત બાદ તેઓ બચી ગયા પણ ચહેરો બહુ જ વિકૃત બન્યો.

બાબુલાલને હાશકારો થયો... મારા કૂતરાના પુણ્ય પ્રતાપે જ હું બચ્યો. રામ રાખે તેને કોણ ચાખે? અને હવે તો તેમને કૂતરાઓની સેવા કરવાની લગની લાગી દરરોજ સ્વખર્ચે રોટલા બનાવી ત્રણ ચાર થેલીમાં ભરી નીકળી પડતા અને જયાં કૂતરા મળે ત્યાં તેમને ઘી ચોપડેલા રોટલો ખવડાવતા સાથે દૂધની કોઠળીઓ પણ લઇ જતા. કૂતરાને પણ લુખો રોટલો ભાવતો નહિ. તેમના ઘરમાં આને આડોશપાડોશમાં કૂતરાઓની અવરજવર વધી જતાં પડોશીઓ અકળાયા તેમને બાબુલાલને ચીમકી આપી કૂતરાઓને દૂર લઇ જાવ અને કૂતરા ખાતર પોતાનો પરિવાર અને ગામ છોડી બાબુલાલ નીકળી પડ્યા રાંધેલા-રૂપાલ ફાટક પાસે, પરબડીએ શ્વાસ સેવા ચાલુ કરી પણ ચોમાસામાં ત્યાં પાણી ભરાતા તેમણે રૂપાલ જઇ એક નાનકડી ઓરડી ભાડે રાખી અને કુતારોની ફોજ સાથે રૂપાલ ગામમાં રહેવા લાગ્યા. થોડા જ દિવસમાં મકાન માલિક પણ અકળાયો તેમણે તાત્કાલિક કૂતરાઓને લઇને ચાલ્યા જવાનું કહી દીધું પણ આ તો જુદી જ માટીનો માનવી હતો તે કકળતાં હૈયે કૂતરાઓની ફોજ લઇ પેથાપુર ભીમનાથ મહાદેવ પાછળ નાનકડો તંબુ બાંધી રહેવા લાગ્યા. થોડા સમયમાં મંદિરમાં કૂતરાનો ત્રાસ વધતાં મહારાજે બાબુલાલને ત્યાંથી પણ વિદાય આપી. જરાય અકળાયા વિના કે ગુસ્સો કર્યા વિના બાબુલાલે ત્યાંથી ડેરા તંબુ ઉઠાવ્યા અને ફરી રાંધેજા ચોકડી આગળ રૂપાળ રોડ પર મેલડી માતાના મંદિર પાસે શ્વાસ કુટીર બનાવી રહેવા લાગ્યા.

( અનુસંધાન પાના નં. ૬ પર)